

## જિનશાસનના જ્યોર્તિધર
## પરમ કરૂણાવંત
# તપોનિધિ બા.બ્ર.
# પૂ. માણેકચંદ્રજી મ.સા.નું
## જીવન કવન

| | |
|---|---|
| જન્મ | : વિ.સં. ૧૯૧૫ |
| જન્મસ્થાન | : જેતપુર–સૌરાષ્ટ્ર |
| માતાને સ્વપ્ન સંકેત | : સિંહનું સ્વપ્નદર્શન |
| માતાનું નામ | : કુંવરબાઇ |
| પિતાનું નામ | : પ્રેમજીભાઈ ગાંધી |
| કુટુંબ પરિચય | : ત્રણ ભાઈ, એક બહેન, બાલ્યવયમાં માતા–પિતાનું અવસાન |
| વૈરાગ્યભાવની જાગૃતિ | : ૧૧ વર્ષ |
| દીક્ષાદિન | : પૌષ વદ–૮ વિ.સં. ૧૯૨૮ |
| દીક્ષા ભૂમિ | : માંગરોળ |
| દીક્ષિત વડીલબંધુ | : યશસ્વી પૂ. જયચંદ્રજી મ.સા. |
| ગચ્છ પરંપરા | : ગોંડલ સંપ્રદાય |
| વિશિષ્ટ જ્ઞાનાર્જન | : મારવાડમાં કિશનગઢમાં સમર્થ યોગીરાજ પ્રખર શાસ્ત્રવેતા પૂ. ફકીરચંદજી મ.સા. ના સાન્નિધ્યે. |

## પૂ. ગુરુદેવ શ્રી માણેકચંદ્રજી મ.સા.નો જીવન પરિચય...

| | |
|---|---|
| મુખ્ય શિષ્ય | : સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણલાલજી મ.સા. |
| એકાંત જ્ઞાનસાધના | : છ માસ એકાંત અરણ્યવાસ, જિનકલ્પ સમાન આચરણ, જૈન અને જૈનેતર દર્શનમાં પારંગત, વ્યાકરણ અને ન્યાય શાસ્ત્રમાં નિપુણતા. |
| ઉગ્ર તપશ્ચર્યા | : ૧) ૧૭ વર્ષની યુવાવયથી પાણીનો આજીવન ત્યાગ.<br>૨) દરેક જાતની સુખડી, મેવા–મુખવાસ, કેરીનો સર્વથા ત્યાગ |
| વિશિષ્ટ ઘટના | : એક દેવ તેને આધીન હતા.દરરોજ રાત્રે તેમને જાગૃત કરતા. પ્રસંગોપાત વ્યંતરદેવ પણ આધીન થયા. શાસન અને સંત રક્ષા માટે વેરાવળથી ગોંડલ સુધીનો ૧૧૦ માઇલનો વિહાર પાંચ કલાકમાં, પોરબંદરથી રાજકોટ સુધીનો ૧૨૦ માઇલનો વિહાર ચાર કલાકમાં કર્યો હતો. |
| વિશિષ્ટ ગુણો | : ઉત્કૃષ્ટ વૈરાગ્ય, તીવ્ર મુમુક્ષુતા, જપસિદ્ધિ, તપસિદ્ધિ, વચનસિદ્ધિ, અનેક લબ્ધિના ધારક. |
| વિહારક્ષેત્ર | : સૌરાષ્ટ્ર, કચ્છ, મુંબઇ, રાજસ્થાન, મારવાડ, પંજાબ વગેરે ક્ષેત્ર. |
| દેવી સંકેત | : વિ.સં. ૧૯૭૯ કારતક વદ–૧૩ને બુધવારની રાત્રે ૯ થી ૧૨ ધ્યાન પછી નિદ્રાધીન બન્યા ત્યારે રાત્રે બે વાગે દેવનું સાક્ષાત્ આગમન થયું. નિદ્રામુક્ત કરાવી જીવનની અંતિમ ઘડીનો સંકેત કર્યો. ૧૯ દિવસનું આયુષ્ય જ શેષ છે. |
| અનશન સ્વીકાર | : તે જ રાત્રે ૨.૩૦ કલાકે વડીલબંધુને જાગૃત કર્યા. પરિસ્થિતિથી વાકેફ કર્યા. યાવત્, જીવનના અનશન સ્વીકારનો સંકલ્પ પ્રગટ કર્યો. તરત જ પૂર્ણ જાગૃતદશામાં આલોચના પૂર્વક અનશનનો સ્વીકાર (જીવન પર્યંત ભોજન ત્યાગ – સ્વદેહની મુર્છાનો ત્યાગ) જીવતા સમાધિનો સ્વીકાર. |
| અનશન સમાધિ કાલ | : ૧૯ દિવસ તે દરમિયાન સંપૂર્ણ આત્મજાગૃતિ. સ્વાધ્યાય–ધ્યાનમાં તલ્લીનતા. દેહ છતાં દેહાતીત દશાનો અનુભવ. |
| દેહવિલય | : વિ.સં. ૧૯૭૯ માગસર સુદ–૧૫ને રવિવારે પરોઢે નશ્વર દેહના અગ્નિસંસ્કાર સમયે અગ્નિ સ્વયં પ્રજ્વલિત થઇ. |